NAVBHARAT TOURISM PVT. LTD.

BTS 2025-1

# ભુતાન

૭ રાત્રી

## ૨ ફુન્ટસોલીંગ - ૨ થીમ્પૂ - ૧ પૂનાખા - ૨ પારો




### ન્યૂ જલપાઈગુડી / બાગડોગરા પહોંચવાની તારીખ

| | |
|---|---|
| **એપ્રિલ** | : ૨૦, ૨૭ |
| **મે** | : ૪, ૮, ૧૧, ૧૫, ૧૮, ૨૨, ૨૫, ૨૯ |
| **જુન** | : ૧, ૫, ૮, ૧૫, ૨૨, ૨૯ |
| **સપ્ટેમ્બર** | : ૭, ૧૪, ૨૧, ૨૮ |

### પ્રતિ વ્યક્તિ ટુર પેકેજ (ત્રીજી વ્યક્તિ માટે રૂમમાં પલંગ સિવાય મેટ્રેસની વ્યવસ્થા જ રહેશે.)

| દર પ્રતિ વ્યક્તિ ૨ વ્યક્તિ વચ્ચે | દર પ્રતિ વ્યક્તિ ૩ વ્યક્તિ વચ્ચે | બાળક (સીટ સાથે) (પથારી વગર/૪-૧૦ વર્ષ) |
|---|---|---|
| રૂા. ૩૯૫૦૦/- | રૂા. ૩૮૦૦૦/- | રૂા. ૨૮૦૦૦/- |

| | |
|---|---|
| **૩ વર્ષ સુધીનું બાળક ફ્રી** | બુકીંગ ફોર્મમાં ૩ થી ૧૦ વર્ષ સુધીના બાળકની વિગત આપવી તથા બુકીંગ સમયે તે બાળકનું ફોટો આઈ-ડી અને જન્મનું પ્રમાણપત્ર ઓફિસમાં આપવું ફરજીયાત છે. અન્યથા ઓફિસમાં જાણ કર્યા વગરના બાળકની રકમ ટુર મેનેજરને ટુર ઉપડતા પહેલા ચૂકવવાની રહેશે. |

**દિવસ-૧ : ન્યૂ જલપાઈગુડી/બાગડોગરાથી ફુન્ટસોલીંગ (૧૬૦ કિ.મી.)**

ન્યૂ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન / બાગડોગરા એરપોર્ટ આગમન અને અહીંથી ભારતની જયગાંવ બોર્ડર થઈ ફુન્ટસોલીંગ જવા પ્રસ્થાન. ફુન્ટસોલીંગ આગમન અને હોટલમાં ચેક-ઈન. **રાત્રી રોકાણ ફુન્ટસોલીંગ**

**બ્રેકફાસ્ટ : નથી** | **લંચ : નથી** | **ડીનર : ફુન્ટસોલીંગ**

**દિવસ-૨ : ફુન્ટસોલીંગથી થીમ્પૂ (૧૬૦ કિ.મી. ૬ કલાક)**

સવારે વિઝા પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ થીમ્પૂ જવા માટે પ્રસ્થાન. થીમ્પૂ આગમન અને હોટલમાં ચેક-ઈન. ત્યાર બાદ અહીં આવેલ તાશિચો ચોંગ આઉટર વ્યુની મુલાકાત. **રાત્રી રોકાણ થીમ્પૂ**

**બ્રેકફાસ્ટ : ફુન્ટસોલીંગ** | **લંચ : થીમ્પૂ** | **ડીનર : થીમ્પૂ**

**દિવસ-3 : થીમ્પૂ**

સવારે નાસ્તા બાદ થીમ્પૂના સ્થાનિક સ્થળો જેવા કે, બુધ્ધ પોઈન્ટ તરીકે ઓળખાતી બુધ્ધની વિશાળ પ્રતિમા, હિંદુ મંદિર, ભુતાનના ત્રીજા રાજાની યાદમાં સ્થાપિત રાષ્ટ્રીય સ્મારક ચોરટેન, નેશનલ હેરીટેજ મ્યુઝીયમ અને સીમ્પલી ભુતાનની મુલાકાત લઈશું. સાંજે અહીંના સ્થાનિક બજારમાંથી હેન્ડીક્રાફ્ટ ખરીદી કરી શકો છો. **રાત્રી રોકાણ થીમ્પૂ**

**બ્રેકફાસ્ટ : થીમ્પૂ** | **લંચ : થીમ્પૂ** | **ડીનર : થીમ્પૂ**

**દિવસ-૪ : થીમ્પૂથી પૂનાખા (વાયા:ડોચુ-લા પાસ) (૮૦ કી.મી. ૪ કલાક)**

સવારે થીમ્પૂથી ડોચુ-લા પાસની મુલાકાત લઈ પૂનાખા જવા માટે પ્રસ્થાન. પૂનાખા આગમન અને હોટલમાં ચેક-ઈન. ત્યારબાદ ઈ.સ. ૧૬૩૮માં સ્થપાયેલ વાંગડુફ્રોડાંગ ઝોંગ અને પૂનાખા ઝોંગની મુલાકાત, જે ભુતાનની કલાકૃતિને આલેખતું સુંદર ઉદાહરણ છે. સમયની અનુકુળતા મુજબ તમે સ્વખર્ચે અહીં વ્હાઈટ વોટર રાફ્ટીંગની મજા પણ માણી શકો છો. **રાત્રી રોકાણ પૂનાખા**

**બ્રેકફાસ્ટ : થીમ્પૂ** | **લંચ : પૂનાખા** | **ડીનર : પૂનાખા**

**દિવસ-૫ : પૂનાખાથી પારો (૧૪૦ કી.મી. ૫ થી ૬ કલાક)**

સવારે પૂનાખાથી પારો જવા માટે પ્રસ્થાન. રસ્તામાં લમ્પેરીમાં આવેલ રોયલ ગાર્ડનની મુલાકાત. અહીં તમે લાલ પાન્ડા અને વિવિધ પ્રકારના પક્ષીઓ નિહાળી શકશો અને સુંદર ફોટોગ્રાફી કરવાની તક. પારો આગમન અને હોટલાં ચેક-ઈન. અહીં પારોના દર્શનીય સ્થળોની મુલાકાત જેમાં દ્રુક્યાલ ઝોંગ જે પારોથી ૧૮ કિ.મી. અંતરે આવેલ ઉત્તરીય વેલી બાજુ છે. ત્યારબાદ તા ઝોંગ, કીચુ લખાંગ જ્યાં રાજાઓની પવિત્ર સમાધિ આવેલી છે અને રીનપૂન્ગ ઝોંગનો સમાવેશ થાય છે. સાંજે સ્વૈચ્છિક વિહાર. **રાત્રી રોકાણ પારો**

**બ્રેકફાસ્ટ : પૂનાખા** | **લંચ : પારો** | **ડીનર : પારો**

**દિવસ-૬ : પારો**

સવારે "ટાઈગર નેસ્ટ મોનેસ્ટ્રી" પ્રખ્યાત તકસાંગ લખાંગની મુલાકાત. જે ભુતાના આવતા પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર છે. અહીંનો અદ્ભુત નજારો હ્રદયસ્પર્શી છે. સાંજે અહીંના સ્થાનિક બજારમાં ખરીદી માટે ફ્રી. **રાત્રી રોકાણ પારો**

**બ્રેકફાસ્ટ : પારો** | **લંચ : પારો** | **ડીનર : પારો**

**દિવસ-૭ : પારોથી ફુન્ટસોલીંગ (૧૫૦ કિ.મી. ૫ કલાક)**

સવારે પારોથી ફુન્ટસોલીંગ જવા માટે પ્રસ્થાન. ફુન્ટસોલીંગ આગમન અને હોટલમાં ચેક-ઈન. **રાત્રી રોકાણ ફુન્ટસોલીંગ**

**બ્રેકફાસ્ટ : પારો** | **લંચ : ફુન્ટસોલીંગ** | **ડીનર : ફુન્ટસોલીંગ**

**દિવસ-૮ : ફુન્ટસોલીંગથી ન્યૂ જલપાઈગુડી/બાગડોગરા (૧૬૦ કિ.મી.)**

સવારે ફુન્ટસોલીંગથી ન્યૂ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન / બાગડોગરા એરપોર્ટ જવા માટે પ્રસ્થાન. નવભારત ટુરીઝમ દ્વારા આયોજીત યાદગાર પ્રવાસના અનુભવ સાથે ન્યૂ જલપાઈગુડી રેલ્વે સ્ટેશન / બાગડોગરા એરપોર્ટ પર ડ્રોપ કરવામાં આવશે.

**બ્રેકફાસ્ટ : ફુન્ટસોલીંગ** | **લંચ : નથી** | **ડીનર : નથી**

**ખાસ નોંધ : ભુતાન પ્રવાસમાં જરૂરી સંખ્યા ૨૫ વ્યક્તિ ન થાય તો તેવા પ્રવાસમાં સંપૂર્ણપણે સવારનો બ્રેકફાસ્ટ અને સાંજના ડીનરની વ્યવસ્થા હોટલમાંથી રહેશે. બપોરનો લંચ અને ટુર મેનેજરની વ્યવસ્થા રહેશે નહીં. જેની ખાસ નોંધ લેવી અને પાછળથી કોઈ તકરાર કરવી નહીં.**



info@navbharattourism.com
www.navbharattourism.com
2-3-4, Ganesh Plaza, Opp. Navrangpura Bus Stand, Navrangpura, Ahmedabad, Gujarat – 380 009
9825804077 | 9974441073 | 9898482834 | 9898804034 | 9998804825 ☎ 079 4848 4222 | 4848 4999